Gujarati

# પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય)ની વિગતો

## પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય) વિશે

**પાકનું રક્ષણ:** સંબંધિત રાજ્ય દ્વારા સૂચિત અનુસાર સર્વ ખાદ્ય અને તેલીબિયાં પાક, વાર્ષિક વ્યાવસાયિક/ બાગાયતી પાક.

**ખેડૂત રક્ષણ:** લોન લેનાર ખેડૂત માટે સૂચિત પાક માટે પાક લોન/ કેસીસી અકાઉન્ટ પ્રાપ્ત કરવાનું ફરજિયાત છે. વીમિત પાક(કો)માં વીમાક્ષમ હિત ધરાવનારા અન્ય/ લોન નહીં લેનારા ખેડૂતો માટે સ્વૈચ્છિક.

**પ્રીમિયમ:** ખેડૂતો દ્વારા સર્વ ખરીફ ખાદ્ય અને તેલીબિયાંના પાકો માટે મહત્તમ ચૂકવવાપાત્ર રકમ 2%, રબી ખાદ્ય અને તેલીબિયાં પાક માટે 1.5% અને વાર્ષિક વ્યાવસાયિક/ બાગાયતી પાક માટે 5% રહેશે.

**અમલબજાવણી:** સ્ટેટ લેવલ કો-ઑડિનેશન કમિટી ઑન ક્રૉપ ઇન્શ્યુરન્સ (એસએલસીસીસીઆઈ), એસએલસીસીસીઆઈની પેટા- સમિતિ, ડિસ્ટ્રિક્ટ લેવલ મોનિટરિંગ કમિટી (ડીએલએમસી) યોજનાના યોગ્ય વ્યવસ્થાપન માટે જવાબદાર રહેશે. અમલબજાવણી માટે 'વિસ્તાર અભિગમ આધાર.' વીમાના યુનિટ એસએલસીસીસીઆઈ દ્વારા નિર્ધારિત કરાશે.

## આવરી લેવાનારાં જોખમો:

### 1. નિવાર્ય વાવણી/ રોપણીનું જોખમ:

વીમિત ક્ષેત્ર ઓછો વરસાદ અથવા માઠી મોસમી સ્થિતિઓને લીધે વાવણી/ રોપણીથી નિવારાય ત્યારે વીમિત રકમના 25% સુધી દાવા ખેડૂતોને ચૂકવવાપાત્ર છે.

### 2. ઊભો પાક (વાવણીથી લણણી સુધી):

વ્યાપક જોખમ વીમો બિન- નિવાર્યક્ષમ જોખમો (દુકાળ, સૂકો, પૂર, પ્રચંડ પૂર, જંતુ અને રોગ, ભેખડ ધસી પડવી, નૈસર્ગિક આગ અને વીજ ત્રાટકવી, વાવાઝોડું, તોફાન, પ્રચંડ તોફાન, ચક્રવાત, હુરિકેન અને ટોર્નેડો)ને લીધે ઊપજમાં નુકસાન સામે રક્ષણ આપે છે.

**3. લણણી પશ્ચાત નુકસાન:**

રક્ષણ આ પાક માટે લણણીથી બે સપ્તાહના મહત્તમ સમયગાળા સુધી જ ઉપલબ્ધ છે,
જે વાવાઝોડું અને વાવાઝોડા સાથે વરસાદ અને કમોસમી વરસાદની ચોક્કસ આપત્તિઓ સામે
લણણી પછી ખેતીમાં  કાપણી અને ફેલાવની સ્થિતિઓમાં સુકાવા દેવાય તેમાં જ ઉપલબ્ધ છે.

**4. સ્થાનિક આપત્તિઓ:**

સૂચિત ક્ષેત્રમાં એકલ ખેતીઓને અસર કરતા ચક્રવાત, ભેખડ ધસી પડવી અને પ્રચંડ તોફાનનાં
પિછાણેલાં સ્થાનિક જોખમો ઉદભવવાથી પરિણમતું નુકસાન/ હાનિ.